# બુદ્ધિ આગળ ધન નકામું

— વસંતલાલ પરમાર

અવંતિ નગરીમાં રાજા અનંગસેન રાજ કરે. રાજા જેવો બહાદુર એવો બુદ્ધિશાળી હતો.

આ નગરીમાં કસ્તુરચંદ નામનો એક ધનવાન વેપારી રહેતો હતો. એની પડોશમાં શિવશંકર નામનો બ્રાહ્મણ રહેતો હતો. શિવશંકર પાસે ધન ન હતું. પણ બુદ્ધિ અને ચતુરાઈ એને વરેલાં હતાં.

એક દિવસ કસ્તુરચંદ શેઠ અને શિવશંકર ગોર વાતો કરતા કરતા વાદ–વિવાદ પર ચઢી ગયા. બંને વચ્ચે જબરી ચડસાચડસી ચાલી.

કસ્તુરચંદ શેઠ કહે, ‘હું મારા ધનની તાકાતથી દુનિયાની કોઈપણ ચીજવસ્તુ ખરીદી શકું છું. ધારું એ કરી શકું છું. ધનની તાકાત આગળ બીજી કોઈપણ તાકાત નકામી છે.’

શિવશંકર કહે, ‘ના, શેઠ ! અમુક કામો ધનથી થાય એ જુદી વાત છે. ધનથી ખાવા પીવાની અને સુખસાયબીની ચીજો ખરીદી શકાય છે. પરંતુ બુદ્ધિ તો હરકોઈ જગ્યાએ જરૂરી છે. બુદ્ધિ વગરનું બધું નકામું છે. બુદ્ધિ વગર દુનિયામાં તમે પ્રગતિનું એક ડગલું પણ આગળ ન વધી શકો.’

કસ્તુરચંદ કહે : ‘શિવાગોર ! તમારી વાત મારા માન્યામાં નથી આવતી. ધનથી જ ધાર્યું કામ પાર પડે છે. બુદ્ધિ તે વળી ચાટવાના કામમાં આવે ? ધન વગર શું તમને કોઈ ખાવાનું આપે ? ધન વગર માનવી માત્રને ચાલે જ નહિ. બુદ્ધિનો ઉપયોગ શો ? ધન આગળ બુદ્ધિ નકામી છે.’

શિવશંકર કહે, ‘તમારી વાત ખોટી. બુદ્ધિ આગળ ધન નકામું છે.’

આમ બંને જણા પોતપોતાની વાત પર મક્કમ રહ્યા. વાત વધી પડી.

કસ્તુરચંદ શેઠ ડાહીમાનો દીકરો. એણે વિચાર્યું કે લડવામાં સાર નહિ એણે શિવાગોરને કહ્યું.

'જુઓ, ભાઈ ! આપણે અહીં લડી મરીએ એના કરતાં આનો ન્યાય રાજા પાસે જ કરાવીએ.'

શિવશંકર કહે, 'એ વાત સાચી.'

બંને જણા રાજા પાસે ગયા અને પોતપોતાની દલીલો રજૂ કરી અને ન્યાય આપવા વિનંતી કરી.

રાજાએ કહ્યું, 'તમારા બંનેની વાત મેં ધ્યાનથી સાંભળી છે. પરંતુ આ બાબતમાં ન્યાય કરવાને બદલે હું તમને એક પત્ર લખી આપું છું. એ પત્ર લઈને તમે બંને ચંદનનગરીના રાજા ચંદનસેન પાસે જાઓ. એ તમારો ન્યાય કરશે.'

રાજાની વાત પર બંને જણા સહમત થયા અને પત્ર લઈને ચંદનનગરીમાં રાજા ચંદનસેન પાસે ગયા.

રાજા ચંદનસેનની કચેરી હકડેઠઠ ભરાઈ છે. બંને જણાએ રાજાને સલામ ભરીને પત્ર આપ્યો. રાજાએ પત્ર વાંચી જોયો. એક વખત વાંચ્યો......બે વખત વાંચ્યો......

પત્ર વાંચતાં જ રાજાએ હુકમ ફરમાવ્યો : 'આ બંને જણાંને ફાંસીને માંચડે લટકાવી દો.'

રાજાનો હુકમ થતાં જ બંને જણાને સિપાઈઓએ ગિરફતાર કરી લીધા.

ધનવાન શેઠ કસ્તુરચંદ અને બુદ્ધિશાળી શિવશંકર ગોર રાજાના આ તરંગી અને એકતરફી ન્યાયથી આશ્ચર્ય પામ્યા.

કસ્તુરચંદ શેઠે શિવશંકરને કહ્યું, 'ભાઈ ! આપણે અહીં તો ધનવાન કે બુદ્ધિમાન બેમાંથી કોણ ચડે એનો ન્યાય મેળવવા આવ્યા હતા કે ફાંસીએ ચડવા ? ન્યાયને બદલે આપણને ફાંસીની સજા મળી. હવે શું કરવું ?'

શિવશંકર કહે, 'શેઠ ! તમે કહેતા હતા કે ધનથી બધું થઈ શકે છે. તો હવે તમારા ધનથી આપણને ફાંસીને માંચડે લટકતા બચાવો. તમારું ધન ચડિયાતું છે એવું સાબિત કરી બતાવો.'

કસ્તુરચંદ કહે, 'ઠીક ભાઈ ! હું ધનનો ઉપયોગ કરી છૂટવાનો કોઈ ઉપાય શોધી કાઢું છું.'

સિપાઈઓ બંનેને બાંધીને જેલમાં લઈ ગયા. બંનેને કાળ કોટડીમાં પૂરી દેવામાં આવ્યા.

કસ્તુરચંદ શેઠને પોતાના ધનનું અભિમાન હતું. એણે સિપાઈથી માંડીને જેલના તમામ અધિકારીઓને ધનની લાલચ આપી છૂટવાનો પ્રયત્ન કર્યો. પણ એમાં એને સફળતા ન મળી. કોઈએ ધનની લાલચે એને છોડી મૂકવાની તૈયારી ન બતાવી.

શેઠ કસ્તુરચંદ પોતાના દાવમાં હારી ગયા. ધનનું અભિમાન ઊતરી ગયું. એમણે કહ્યું :

'શિવા ગોર !' મારા ધનથી તો હું આપણને બંનેને બચાવી શકતો નથી. હવે તમારી બુદ્ધિ અને ચતુરાઈ લડાવો અને મોતમાંથી ઉગારો. આપણે નાહકના શૂળીએ ચડીશું. આવ્યા હતા ન્યાય મેળવવા અને અહીં તો મળ્યું મોત !'

શિવશંકર કહે, 'શેઠ ! તમે હાર્યા. હવે હું મારી બુદ્ધિનો ઉપયોગ કરીને છૂટવાનો મારગ શોધી કાઢું છું.

બીજે દિવસે બંનેને શૂળી પાસે લઈ જવામાં આવ્યા. એમની અંતિમ ઇચ્છા કોઈ હોય તો કહેવાનું કહ્યું.

શિવશંકર કહે, 'મરતાં પહેલા અમારે રાજાજીને મળવું છે. એમની પાસે અમને લઈ જાઓ.'

બંનેને રાજા પાસે લઈ જવામાં આવ્યા.

કસ્તુરચંદ શેઠે તો ઢીલાં લમણાં કરી રાજાને સલામ ભરી, પણ શિવશંકર તો રાજાને જોઈને ખડખડાટ હસી પડયો.

આ જોઈ રાજાને પણ નવાઈ લાગી. એણે કહ્યું, 'અલ્યા ! તને મોતની સજા થઈ છે, છતાં તું હસે છે કેમ ?'

શિવશંકર કહે, મહારાજ ! આપ આવો ન્યાય કરતા રહેશો તો એક દિવસ તમારા પડોશી રાજાઓ તમારું રાજ્ય સુદ્ધાં પચાવી પાડશે.

આ સાંભળી રાજાએ ગુસ્સે થઈને કહ્યું, 'મૂરખના સરદાર ! બોલતાં શીખ. તું કોની સામે બોલે છે એનું ભાન છે ? પડોશી રાજાઓ મારું રાજ્ય શા માટે છીનવી લે એનું કારણ બતાવીશ ?'



શિવશંકર કહે, ' અન્નદાતા ! શું અમારા રાજાને ત્યાં ફાંસી નહોતી કે અમને ફાંસી દેવા તમારે ત્યાં મોકલ્યા ? ત્યાં અમને ફાંસી દેવાનો હુકમ થયો ત્યારે રાજાને જ્યોતિષીએ કહ્યું હતું કે, આ બેઉ પાપીઓને આપણે ત્યાં ફાંસી દેશો તો એમનો જાન જશે એની સાથે જ આખા રાજ્યમાં ભયંકર દુકાળ ત્રાટકશે અને જાતજાતની બીમારીઓ ફેલાઈ જશે. રોગચાળો ફાટી નીકળશે. આથી રૈયત દુઃખી દુઃખી થઈ જશે. એનાથી પ્રજા અને રાજા વચ્ચે વિરોધ પેદા થશે. લોકોમાં બળવો ફાટી નીકળશે. માટે આ

બંનેને આપણા પડોશી રાજ્યમાં ફાંસી દેવા માટે મોકલી આપો. જેથી એ રાજ્યમાં દુકાળ અને રોગચાળો ફેલાય. પ્રજા બળવો કરે અને આપણે એનું રાજ્ય છીનવી લઈએ.

બસ, પછી તો પૂછવું જ શું ? રાજાએ તરત જ અમને બંનેને ફાંસી દેવા માટે આપને ત્યાં મોકલ્યા છે. અમને ફાંસીએ લટકાવશો એ સાથે જ તમારા રાજ્યમાં દુકાળ અને ભયંકર બીમારીઓ ફેલાશે. રોગચાળો ફાટી નીકળશે.'

રાજા ચંદનસેન આ સાંભળીને જબરો ડઘાઈ ગયો અને તરત જ હુકમ કર્યો કે, આ બંનેને છોડી મૂકવામાં આવે અને રાજ્યની સરહદ સુધી સૈનિકો તાબડતોબ મૂકી આવે.

આમ શિવશંકરની બુદ્ધિએ બંનેને ફાંસીના માંચડેથી લટકતા બચાવી લીધા. ધનવાન કસ્તુરચંદ શેઠનું ધન ક્યાંય કામ ન આવ્યું.

ધનવાન કસ્તુરચંદ શેઠ બુદ્ધિશાળી અને ચતુર શિવશંકર ગોરના પગે પડીને બોલ્યા : 'શિવાગોર ! ખરેખર બુદ્ધિ વિનાનું બધું નકામું છે. હવેથી તમારે દરરોજ મારે ત્યાંથી સીધું લઈ જવું.'

■